દિવ્યાંગજનો માટે રાજ્ય સરકારની સેવાઓ/જગાઓમાં ચાર ટકા અનામત રાખવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક:સીઆરઆર-૧૦૨૦૧૭-૧૨૨૬૩૯-ગ.૨
સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર.
તા.૨૦/૧૧/૨૦૨૪

વંચાણે લીધા:

(૧) The Rights of Persons with Disabilities Act, 2016

(૨) ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ પર્સોનલ, પબ્લીક ગ્રીવન્સ & પેન્શન, ડિપાર્ટમેન્ટ ઓફ પર્સોનલ & ટ્રેનીંગનો તા.૧૫/૦૧/૨૦૧૮નો ઓફિસ મેમોરેન્ડમ ક્રમાંક: ૩૬૦૩૫/૦૨/૨૦૧૭-ઇએસટીટી(આઇએસ)

(૩) સા.વ.વિ.નો તા.૧૭/૯/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક: સીઆરઆર-૧૦૨૦૧૭-૧૨૨૬૩૯-ગ.૨

(૪) સા.વ.વિ.નો તા.૦૧/૧૨/૨૦૨૧નો પરિપત્ર ક્રમાંક: પીએસસી-૧૦૨૦૧૯-૩૧૪૧૧-ગ.૨

ઠરાવ:

૧. વંચાણે લીધા ક્રમાંક: (૩) હેઠળના ઠરાવથી રાજ્ય સરકારની સેવાઓ અને જગાઓમાં સીધી ભરતીના કિસ્સામાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે ૪% અનામત રાખવાની જોગવાઇ કરવામાં આવેલ છે. આ ઠરાવના ફકરા ક્રમાંક-૬ની જોગવાઇઓના સ્થાને નીચે મુજબની ફેરફાર સાથેની સૂચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

**૬. સીધી ભરતીના કિસ્સામાં અનામતની પરસ્પર અદલાબદલી અને આગળ ખેંચવા અંગે.**

૬.૧ કોઈ એક (મૂળ/પ્રથમ) ભરતી પ્રસંગે બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ ધરાવતી યોગ્ય દિવ્યાંગ વ્યક્તિ ન મળવાના કારણે અથવા અન્ય કોઈ પર્યાપ્ત કારણોને લીધે જો કોઈ ખાલી જગ્યા ભરી ન શકાય, તો આવી ખાલી જગ્યા ત્યારપછીના (બીજા) ભરતી પ્રસંગમાં ખેંચવાની રહેશે.

૬.૨ જો તે(બીજા) ભરતીપ્રસંગે પણ બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ ધરાવતી યોગ્ય વ્યક્તિ ન મળે, તો પ્રથમ તે ખાલી જગ્યા નીચેના ચાર જુથ મુજબની બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ કેટેગેરી (કક્ષા/ખંડ) પૈકી માંહોમાંહે અદલાબદલીથી જુથ દીઠ ૧%ના ધોરણે ભરવાની રહેશે.

જુથ (A) ખંડ (a) અંધત્વ અને ઓછી દ્રષ્ટિ,

જુથ (B) ખંડ (b) બધિર અને ઓછું સાંભળનાર,

જુથ (C) ખંડ (c) મગજનો લકવો, રક્તપિતની સારવારમાંથી પસાર થયેલી વ્યક્તિ, વામનતા, એસિડ અટૅકનો ભોગ બનેલી વ્યક્તિ અને નબળા સ્નાયુઓની દિવ્યાંગતા સહિતની;
હલન ચલનની દિવ્યાંગતા

જુથ (D) ખંડ (d) સ્વલીનતા, બૌદ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બિમારી,
ખંડ (e) બહેરાશ-અંધત્વ સહિતની ખંડ (a) થી (d) હેઠળના વ્યક્તિઓમાંથી એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા.

તેમ છતાં, તે(બીજા) ભરતી પ્રસંગે પણ ઉક્ત ચાર જુથ પૈકીની બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ ધરાવતી કોઈ યોગ્ય વ્યક્તિ ઉપલબ્ધ ન થાય, ત્યારે જ નિયોક્તા ઉક્ત ખાલી જગ્યા, બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ સિવાયની વ્યક્તિથી ભરી શકશે.

૬.3 જો કોઈ મહેકમ હેઠળની ખાલી જગ્યાની કામગીરીનો પ્રકાર એવો હોય કે તે જગ્યા પર, નિયત બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ ધરાવતી કેટેગેરીના વ્યક્તિની નિમણૂક કરી શકાય તેમ ન હોય, તો વંચાણે લીધેલ ક્ર.3 પરના ઠરાવના ફકરા.૨ની જોગવાઈ અનુસાર કાર્યવાહી કરવાની રહેશે. પરંતુ, જ્યારે કોઈ એક કે તેથી વધુ બેન્ચમાર્ક ડિસેબિલિટીઝના જુથને (A, B, C અને D) ભરતી માટે સંપૂર્ણ મુક્તિ આપવામાં આવી હોય ત્યારે આવી મુક્તિ હેઠળની અનામત ખાલી જગ્યાઓની વહેંચણી અન્ય બેન્ચમાર્ક ડિસેબિલિટીઝના જુથમાં સરખેભાગે કરવાની રહેશે, અને તે મુજબની રોસ્ટર રજીસ્ટરમાં તેની નિભાવણી કરવાની રહેશે.

૬.૪ બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ પૈકીની કોઈપણ કેટેગેરીની દિવ્યાંગતા ધરાવતી યોગ્ય વ્યક્તિ ન મળવાના કારણે અથવા કોઈપણ યોગ્ય કારણોસર જો કોઈ અનામત ખાલી જગ્યા ન ભરી શકાય, તો આવી ખાલી જગ્યા "અનામત જગ્યાની ઘટ" તરીકે ત્યારપછીના ભરતી પ્રસંગે આગળ ખેંચવાની રહેશે.

૬.૫ ત્યારપછીના(બીજા) ભરતી પ્રસંગે "અનામત જગ્યાની ઘટ" પ્રથમ ભરતી પ્રસંગે જે બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ માટે અનામત રાખેલ, તે માટે અનામત ગણવાની રહેશે. તેમ છતાં, જો બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ ધરાવતી યોગ્ય વ્યક્તિ ન મળે તો નિયત બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ કેટેગેરી પૈકી માંહોમાંહે અદલાબદલીથી ભરી શકાશે. ત્યારપછીના(બીજા) ભરતી પ્રસંગે બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ ધરાવતી યોગ્ય વ્યક્તિ ઉપલબ્ધ ન થાય તેવા કિસ્સામાં, આવી અનામત ખાલી જગ્યા બેન્ચમાર્ક

ડિસેબિલિટીઝ સિવાયની વ્યક્તિથી ભરી શકશે. તે (બીજા) ભરતી પ્રસંગે જો આવી ખાલી જગ્યા જે બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ માટે અનામત રાખેલ હોય તેવી બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ ધરાવતી વ્યક્તિ અથવા નિયત બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ કેટેગેરી પૈકી માંહોમાંહે અદલાબદલીથી ભરાઈ હોય તો, આ ખાલી જગ્યા અનામતથી ભરાઈ છે તેમ ગણવાનું રહેશે. પરંતુ, જો આવી અનામત ખાલી જગ્યા બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ ધરાવતી સિવાયની વ્યક્તિથી ભરાઈ હોય, તો આવી ખાલી જગ્યાની અનામતની ઘટ ત્યારપછીના બે (ત્રીજા અને ચોથા) ભરતી પ્રસંગ સુધી ખેંચવાની રહેશે, અને ત્યારબાદ આ અનામત જગ્યા રદ (Lapse) થશે. આવા ત્યારપછીના બે (ત્રીજા અને ચોથા) ભરતીપ્રસંગે પણ અનામત ખાલી જગ્યા ભરવાની કાર્યપદ્ધતિ અગાઉ બીજા ભરતી પ્રસંગે દર્શાવેલ છે, તે મુજબ જ ભરવાની રહેશે.

૬.૬ સંબંધિત સરકારી મહેકમે ભરતીની યોગ્ય પ્રકિયા; જેવી કે, ભરતીને સુસંગત ખાલી જગ્યાઓમાં બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ ધરાવતી વ્યક્તિઓની અનામત ખાલી જગ્યાઓની સ્પષ્ટ વિગતો દર્શાવતી જાહેરાત પ્રકાશિત કરી હોય તો જ નિયત બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ કેટેગેરી પૈકીમાંથી માંહોમાંહે અદલાબદલીથી ભરી શકાશે.

૬.૭ જો આગળના ભરતી પ્રસંગની કોઈ ઘટ હોય તો બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ ધરાવતા ઉમેદવારોની ભરતીની ગણતરી (સરભર કરવા માટે) સૌ પ્રથમ ખેંચાયેલ ઘટની સામે ક્રમાનુસાર (in chronological order-જે ઘટ પહેલા ઉભી થઈ હોય તે પહેલા) ગણવાની રહેશે. જેથી, અનામત ખાલી જગ્યાની ઘટ રદ (Lapse) થવાના પ્રસંગ ઓછામાં ઓછા રહે. જો તમામ ખાલી જગ્યાઓ પર નિયત બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ ધરાવતી વ્યક્તિ ન મળે, તો અગાઉના વર્ષની ખેંચાયેલ ખાલી જગ્યાની ઘટ સૌ પ્રથમ ભરવાની રહેશે, અને હાલના ભરતી પ્રસંગની અનામત ખાલી જગ્યા ન ભરાવાના કિસ્સામાં તે ખાલી જગ્યા ત્યારપછીના ભરતી પ્રસંગે ખેંચવાની રહેશે. બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ ધરાવતી વ્યક્તિની અગાઉની ખેંચાયેલ જગ્યાઓની ગણતરી સાથેની અનામત જગ્યાઓની માહિતી ઉમેદવારોની જાણ માટે સંબંધિત જાહેરાતમાં દર્શાવવાની રહેશે.

૨. વંચાણે લીધા ક્રમાંક (૪) પરના પરિપત્ર તેમજ વખતોવખતના હુકમો અનુસાર સીધી ભરતીથી જગ્યાઓ ભરવા માટે ભરતી એજન્સીઓને મોકલવાના માંગણા પત્રકના પરિશિષ્ટમાં સંવર્ગની નિયત બેન્ચમાર્ક ડિસેબિલિટીઝને સુસંગત જુથવાર જગ્યાઓ દર્શાવવાની રહેશે. વધુમાં, ઉપરના ફકરા-૬માં દર્શાવેલ નિયત બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ ધરાવતી યોગ્ય દિવ્યાંગ વ્યક્તિ ન મળે તો નિયત બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ કેટેગેરી પૈકી માંહોમાંહે અદલાબદલીથી જગ્યા ભરવાની કાર્યપદ્ધતિ જળવાય તે માટે દરેક ભરતી પ્રસંગે રોસ્ટર રજીસ્ટર અદ્યતન કરી, સામાન્ય વહીવટ વિભાગની તા.૨૨-૪-૮૩ તેમજ વખતોવખતની સુચનાનુસાર સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ પાસેથી રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત કરાવ્યા બાદ માંગણાપત્રકમાં જે-તે જુથ હેઠળ આવરી લેવાની ભરવાપાત્ર ખાલી જગ્યાઓની સંખ્યા પ્રથમ ભરતી પ્રસંગ કે ત્યાર પછીના ભરતી પ્રસંગો માટે અલગ-અલગ

દર્શાવવાની રહેશે. બેન્ચમાર્ક ડિસેબિલિટીઝની ખાલી જગ્યાઓ ભરવા ભરતી એજન્સીઓ દ્વારા પણ ભરતી અંગેની જાહેરાતમાં દિવ્યાંગ અનામતની ખાલી જગ્યાઓ, જુથ તેમજ તે પૈકી કક્ષાવાર દર્શાવાની રહેશે. તેમજ ભરતી પરીક્ષાઓનું પરિણામ પણ તે મુજબ તૈયાર કરવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિપલ હડીયલ)
નાયબ સચિવ (ક.ગ)
સામાન્ય વહીવટ વિભાગ,

પ્રતિ,

માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત રાજ્ય માહિતી આયોગ, ગાંધીનગર.
સચિવાલાયના તમામ વિભાગો. **(તેમના તાબાના ખાતાના વડાઓ/કચેરીના વડાઓને યોગ્ય સુચના આપવાની વિનંતી સહ.)**
સામાન્ય વહીવટ વિભાગની તમામ શાખાઓ/ અધિકારીઓ
સીસ્ટમ મેનેજરશ્રી, વિભાગની વેબસાઇટ ઉપર અપલોડ કરવા સારૂ.
પસંદગી ફાઇલ

*પત્ર દ્વારા